ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસનોટ:-1899/06/2023 તા:22/06/2023

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના 9 વર્ષના સુશાન અંતર્ગત જંગી જાહેરસભા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામાં રાજકોટ ખાતે યોજાઇ.

----

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેમના કાર્યોનો હિસાબ જનતા સુધી આપવા ધારાસભ્યો,સાંસદો,સંગઠનના આગેવાનોને મોકલ્યા છે પરંતુ કોઇ કોંગ્રેસી નેતાએ તેમના વડાપ્રધાનના કામનો હિસાબ આપ્યો નથી – શ્રી સી.આર.પાટીલ

----

## ગુજરાત લોકસભાની તમામ બેઠકો પાંચ લાખની લીડથી જીતવાનો સંકલ્પ કરીએ અને ફરી એક વાર મોદી સરકાર બનાવીએ. – શ્રી સી.આર.પાટીલ

----

## કોંગ્રેસ ગમે તેમ કરી સરકાર ચલાવવામા માહિર પણ દેશને વિકાસની ગતીએ લઇ જઇ ન શકી.- શ્રી વિજયભાઇ રૂપાણી

----

## કોંગ્રેસની સરકાર કહેતી હતી કે અમારી સરકારના તમામ સંસાધનો લઘુમતીઓને સમર્પિત છે જયારે મોદી સાહેબની સરકારમાં સંસાધનો ગરિબ,શોષિત,આદિવાસી,પીડિતોને સમર્પિત – શ્રી વિજયભાઇ રૂપાણી

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કેન્દ્ર સરકારને સફળતાના 9 વર્ષ પુર્ થયા અને તે દરમિયાન કરાયેલા વિવિધ યોજના અને કામોની માહીતી આપવા જંગી જાહેરસભા પેજ સમિતિના

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રણેતા અને મજબૂત સંગઠન શક્તિ ધરાવતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની અધ્યક્ષતામાં તેમજ પુર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને કર્ણાટકના પુર્વ રાજયપાલશ્રી વજુભાઇ વાળાની ઉપસ્થિતિમાં યોજાઇ હતી.

આ કાર્યક્રમમાં શ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સંગઠનનું કામ કરી પહેલી ચૂંટણી રાજકોટથી લડયા અને રાજકોટે તેમને વડાપ્રધાન સુધી પહોંચાડયા છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમના કાર્યોનો હિસાબ જનતા સુધી આપવા ધારાસભ્યો,સાંસદો,સંગઠનના આગેવાનોને મોકલ્યા છે પરંતુ કોઇ કોંગ્રેસી નેતાએ તેમના વડાપ્રધાનના કામનો હિસાબ આપ્યો નથી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને વિકાસપુરુષનુ બિરુદ મળ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જનતાને આપેલા તમામ વચનો સમયસર પુર્ણ કર્યા છે. દેશને સુરક્ષા આપી અને આત્મનિર્ભર ભારતની દિશા આપી આજે રસી,ટેન્ક,સેનાના હથિયારો,પ્લેન સહિતની વસ્તુઓ આજે ભારતમાં બને છે. દેશમાં વિકાસના કામ સાથે દેશની શાન વિશ્વના દેશો સામે વધારી છે. આજે વિશ્વના મોટા દેશો પણ ભારતને માનથી જોવે છે. દેશની જનતાએ સંપુર્ણ બહુમતી આપી દેશને મજબૂત સરકાર આપી તેના કારણે દેશમાં વિકાસના કામો થઇ રહ્યા છે. આ વખતે ગુજરાત લોકસભાની તમામ બેઠકો પાંચ લાખની લીડથી જીતવાનો સંકલ્પ કરીએ અને ફરી એક વાર મોદી સરકાર બનાવીએ.

આ કાર્યક્રમમાં શ્રી વિજયભાઇ રૂપાણીએ સંબોધન કરતા જણાવ્યું કે, દેશમાં ભારતીય જનતા પાર્ટી જ એક એવી પાર્ટી છે જે કહે છે તે કરી બતાવે છે. અન્ય રાજકીય પાર્ટીઓની સરખામણીમાં ભાજપ ખૂબ અલગ છે. દેશમાં કોંગ્રેસની સરકારને જનતાએ જોઇએ છે તેમની કામ કરવાની પદ્ધતી જોઇ છે. કોંગ્રેસ ગમે તેમ કરી સરકાર ચલાવવામા માહિર પણ દેશને વિકાસની ગતીએ લઇ જઇ ન શકી. કોંગ્રેસે ફકત મતની રાજનીતી કરી જ્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકાસની રાજનીતી કરી. કોંગ્રેસે પણ તેમના વડાપ્રધાને કયા કામો કર્યા છે તે જનતા સમક્ષ મુકે. બેરોજગારીની ફોજ કોંગ્રેસમાં નહેરૂ ગાંધીના સમયથી શરૂ થઇ.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઇમાનદારીથી 9 વર્ષ કામ કરી એક પણ રૂપિયાનો ભ્રષ્ટાચાર થવા નથી દીધો. કોંગ્રેસની સરકાર કહેતી હતી કે અમારી સરકારના તમામ સંસાધનો લઘુમતીઓને સમર્પિત છે જયારે મોદી સાહેબે કહ્યુ કે મારી સરકારમાં સંસાધનો ગરિબ,શોષિત,આદિવાસી,પીડિતોને સમર્પિત રહેશે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

આ કાર્યક્રમમાં શહેર ભાજપના અધ્યક્ષશ્રી મુકેશભાઇ દોશી, પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ભરતભાઇ બોઘરા, સાંસદશ્રીઓ શ્રી મોહનભાઇ કુંડારીયા,શ્રી રામભાઇ મોકરીયા,રાજય સરકાનામંત્રીશ્રીઓ શ્રી  કુંવરજીભાઇ બાવળીયા,શ્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્યશ્રીઓ શ્રી ઉદયભાઇ કાનગડ,શ્રી દર્શિતાબેન શાહ, શ્રી રમેશભાઇ તીલાળા, રાજકોટ જિલ્લાના પ્રમુખશ્રી અલ્પેશભાઇ,મોરબી શહેરના પ્રમુખશ્રી રણછોડભાઇ દલવાડી,પ્રદેશના મંત્રીશ્રી બીનાબેન આચાર્ય, રાજકોટના મેયરશ્રી પ્રદિપભાઇ ડવ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)